**::– આંક–૦૧ હેઠળ હુકમ –::**

(૧) સદર કામનું રેકર્ડ આજરોજ સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન હાથ પર લઈ વંચાણે લીધું. આ કામના આરોપી સામે ગુજરાત નશાબંધી (સુધારા) અધિનયમ–૨૦૧૭ ની કલમ–૮૫ (૧), ૬૬(૧)(બી) મુજબના શિક્ષાપાત્ર ગુન્હા અંગે પોલિસ દ્વારા તપાસના અંતે આક્ષેપિત ગુન્હાનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૨) આરોપી આજરોજ સમન્સના આધારે હાજર થયેલ છે. જેથી આરોપીને પોલિસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. આરોપી આક્ષેપિત ગુન્હો કબુલ હોવાનું જણાવે છે. આરોપીએ આક્ષેપિત ગુન્હો કબુલ હોવા અંગે ગુન્હા કબુલાત પુરસીસ રજુ કરવા માંગે છે તેવું જણાવે છે. આરોપી તરફે રજુઆત છે કે, તેઓનો આ પ્રથમ ગુન્હો છે. તેઓ છુટક મજુરીકામ કરે છે અને ગરીબ વર્ગના માણસ છે. તેઓની આર્થિક પરિસ્થિતિ સારી નથી તેમજ કાયમી રોજગાર પણ નથી. સદર કેસની ટ્રાયલ ચાલશે તો તેઓને ટ્રાયલ દરમ્યાન વારંવાર અદાલતમાં હાજર રહેવું પડશે તેમજ વકિલ રોકવાનો પણ ખર્ચ થશે જે તેઓને પરવડી શકે તેમ નથી. જેથી તેઓને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. તેઓનો આ પ્રથમ ગુન્હો છે અને તેઓ પોતાની ભુલ સુધારવા માગે છે અને ફરીથી આવો ગુન્હો નહી કરે તેની બાંહેધરી આપે છે. તેથી કોર્ટનો કિંમતી સમય તેમજ નાણાંનો વ્યય ન થાય તે હેતુથી તેઓની ગુન્હા કબુલાત પુરસીસ ગ્રાહ્ય રાખી તેઓ ઉપર રહેમ રાખી ઓછી સજા તેમજ દંડ કરવા રજુઆત કરેલ છે.

(૩) ઉપરોકત સમગ્ર વિગતે રજુઆતો ધ્યાને લીધી. સદર કેસનું રેકર્ડ ધ્યાને લેતાં આરોપી વિરૂદ્ધ વગર પાસ પરમીટે દારૂ પી લથડીયા ખાતા મળી આવેલ હોવાના ગુન્હાનો આક્ષેપ છે. આરોપીએ દારૂ પીધેલ હાલતમાં કોઈ સાથે ઉપદ્રવ, ઝઘડો, અસભ્ય વર્તન, અસભ્ય ભાષા કે મારામારી કરેલ હોવાના કોઈ આક્ષેપો નથી. હાલમાં કોર્ટમાં પેન્ડીંગ રહેલ કેસો સાથે નવા દાખલ થતા કેસોનું પ્રમાણ ધ્યાને લેતાં, કોર્ટના સમયનો ઉપયોગ આ પ્રકારના કેસો કરતા વધુ ગંભીર પ્રકારના કેસો પાછળ વપરાય

તો ન્યાયોચિત્ત રહેશે. વધુમાં, આ કામના આરોપી તેઓની સામેના ગુન્હાની સ્વૈચ્છીક કબુલાત કરે છે. આરોપીની રજુઆત મુજબ તેઓ વકિલ રોકવાનો પણ ખર્ચ કરી શકે તેમ ન હોય તેઓની આર્થિક પરિસ્થિતિ ધ્યાને લઈ સ્પેશ્યલ સીટીંગ હોવાથી તેઓને કબુલાત પુરસીસ પણ કોર્ટ તરફથી પુરી પાડવામાં આવેલ છે. આ તબક્કે, નામદાર ગુજરાત હાઈકોર્ટના **"ગુજરાત રાજ્ય વિ. નટવર હરચંદજી ઠાકોર" નો ચૂકાદો કે જે ૨૦૦૫(૧) જીએલઆર પાન નં.૭૦૯** ઉપર પ્રસિદ્ધ થયેલ છે તે ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતો સાથે હાલના કેસની હકિકતો ધ્યાને લેતાં આરોપી કુટુંબ કબીલાવાળા માણસ છે અને કમાનાર એકમાત્ર વ્યકિત છે. તેઓનો પ્રથમ ગુન્હો હોય તેઓની રજુઆતો ધ્યાને લેતાં કાયદા દ્વારા નક્કી કરવામાં આવેલ પુરી સજા ન કરતા ઓછામાં ઓછી સજા તેમજ દંડ કરવાથી યોગ્ય અને ન્યાયોચિત્ત રહેશે તેમજ ન્યાયનો હેતુ પણ જળવાશે. તે સંજોગોમાં, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

ફોજદારી કાર્યરિતિ સંહિતાની કલમ–૨૫૨ની જોગવાઈ મુજબ આરોપીને ગુજરાત નશાબંધી (સુધારા) અધિનિયમ–૨૦૧૭ની કલમ–૮૫ (૧), ૬૬(૧)(બી), મુજબના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તેમજ રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસ્સો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી જો દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન–૦૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ લોક અદાલત સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩–૦૫–૨૦૨૩.
અમદાવાદ.

(દેવાંગ રવિરાય જોષી)
એડીશ્નલ ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.
(કોડ નંબર – જીજે૦૦૯૪૫)